

# ઈરાન-ઈઝરાયેલ : ગાઢ મિત્રો જાની દુશ્મન કેમ બન્યા?

વિકલ્પ
★ દીપક આશર

મધ્ય પૂર્વમાં આજે તણાવ ભયંકર છે. હમાસના નેતા ઈસ્માઈલ હાનિયાની હત્યા, હિઝબુલ્લાહના સભ્યો પર પેજર અને વોકી-ટોકી હુમલા પછી હિઝબુલ્લાહના વડા હસન નસરાલ્લાહની હત્યા. આ બધું ઈઝરાયેલે પહેલા કર્યું અને ત્યાર પછી ઈરાને ઈઝરાયેલ પર 180 મિસાઈલો દગી હતી. હવે ઈઝરાયેલે કહ્યું છે કે ઈરાન આ હુમલાની 'કિંમત ચૂકવશે'. બંને વચ્ચે એવી દુશ્મનાવટ થઈ ગઈ છે કે એકબીજા પર હુમલો કરવાની એક પણ તક છોડશે નહીં, એ પાક્કું છે પણ શું તમને ખબર છે પહેલાં આવું નહોતું. સંબંધો હંમેશાં આવા નહોતા. આજના આ બે કટ્ટર દુશ્મન ઈઝરાયેલ અને ઈરાન અમેરિકા સામે હાથમાં હાથ મિલાવીને લડ્યા હતા.

હકીકતમાં 1960ના દાયકામાં ઈઝરાયેલ અને ઈરાન, આ બંનેનો એક દુશ્મન હતો - ઈરાક. તે સમયે ઈઝરાયેલ આરબ દેશો સામે મોટા સંઘર્ષમાં ફસાયેલું હતું. ઈરાન પર મોહમ્મદ રેઝા શાહ પહેલવીનું શાસન હતું. ઈરાને ઈરાકના નેતૃત્વને તેની સુરક્ષા અને પ્રાદેશિક મહત્ત્વાકાંક્ષાઓ માટે સીધો ખતરો ગણાવ્યો હતો. ત્યારે જ તે યુગની સૌથી ગુપ્ત ભાગીદારીમાંની એકનો પાયો નાખવામાં આવ્યો હતો.

ઈઝરાયેલની ગુપ્તચર સંસ્થા મોસાદ અને ઈરાનની ગુપ્ત પોલીસ સવાક. બંનેએ ઈરાકી શાસન વિરુદ્ધ કુર્દિશ બળવાખોરોને મજબૂત બનાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. કુર્દિશ જૂથને ઈરાકના આરબ રાષ્ટ્રવાદી નેતૃત્વમાં નબળી કડી તરીકે જોવામાં આવતું હતું. ઈરાકી સરકારને અંદરથી નબળી પાડવા માટે કુર્દિશ જૂથને મજબૂત બનાવવું જરૂરી હતું. ટ્રાઈલેટરલ ઈન્ટેલિજન્સ એલાયન્સની રચના સાથે ઈઝરાયેલ અને ઈરાન વચ્ચેનો સહકાર નવી ઊંચાઈએ હતો. તેનું કોડ નેમ હતું - ટ્રાઈડેન્ટ. તુર્કી પણ આમાં સામેલ હતું.

1958માં શરૂ થયેલા ટ્રાઈડેન્ટમાં આ ત્રણ બિન-આરબ સત્તાઓએ મહત્ત્વપૂર્ણ સીક્રેટ માહિતીની આપ-લે કરી હતી. જેમ જેમ આ સંબંધ મજબૂત થતો ગયો તેમ તેમ ઈઝરાયેલ અને ઈરાન નજીક આવ્યા હતા. આનાથી બંને વચ્ચે વિશાળ સૈન્ય અને ગુપ્તચર સંબંધો



ફૂલ્યાફાલ્યા હતા. શાહના શાસનકાળ સુધી આ ચાલુ રહ્યું હતું. શાહ મોહમ્મદ રેઝા પહલવી માત્ર ભૌગોલિક રાજકીય હિતથી પ્રેરિત ન હતા પરંતુ અમેરિકા પર ઈઝરાયેલના પ્રભાવ હોય એવો રસ ધરાવતા હતા. તેમણે ઈઝરાયેલને અમેરિકા સાથે સંબંધો વધારવાના સંભવિત માધ્યમ તરીકે આગળ વધાર્યા હતા.

ઈઝરાયેલ-ઈરાની સંબંધોથી ઈરાનને પશ્ચિમ સાથે જોડાવામાં પણ મદદ મળી હતી. પરિણામ એ આવ્યું કે 1960ના દાયકાના મધ્યમાં તેહરાન (ઈરાનની રાજધાની)માં કાયમી ઈઝરાયેલી પ્રતિનિધિમંડળની સ્થાપના થઈ હતી. જે વાસ્તવિક દૂતાવાસ તરીકે કામ કરતી હતી. જો કે આરબ વિશ્વમાં વ્યાપકપણે ઈઝરાયલ વિરોધી ભાવના હતી. શાહ પાસે પણ આ માહિતી હતી, તેથી જ તેમણે ઈરાન સાથે ઈઝરાયેલના સંબંધોનો ચહેરો જાહેર કર્યો ન હતો.

ઈરાનમાં 1979માં ઈસ્લામિક ક્રાંતિ થઈ હતી. આનાથી દેશનો રાજકીય માહોલ સંપૂર્ણપણે બદલાઈ ગયો હતો. હવે ઈરાન ઈઝરાયેલ વિરોધી ઈસ્લામિક પ્રજાસત્તાક બની ગયું છે. આયાતુલ્લા ખોમેની સત્તા પર આવ્યા. આ પછી પણ નવી સરકારે પણ ચૂપચાપ ઈઝરાયેલને સહકાર આપવાનું ચાલુ રાખ્યું હતું કારણ કે ફરી એક વખત સામાન્ય દુશ્મન ઈરાક તેમની સામે ઊભો હતો. ઈરાન-ઈરાક યુદ્ધ (1980-1988) આગળ વધ્યું હતું, તેમ બંને દેશો (ઈરાન-ઈઝરાયેલ) સદ્દામ હુસૈન (તત્કાલીન ઈરાકી સરમુખત્યાર) સામે સાથે મળીને કામ કરવાના ફાયદાઓને સમજ્યા હતા.

**ઇઝરાયેલ-ઇરાનની ભાગીદારી પરંપરાગત શસ્ત્રોના સોદાથી આગળ વધી હતી. આમાં, સૌથી મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ પૈકીનો એક ઓપરેશન ફ્લાવર હતો. 1977માં શાહના શાસનમાં શરૂ થયેલી મલ્ટિ-બિલિયન ડૉલરની ગુપ્ત પહેલ. આ પ્રોજેક્ટમાં સર્ફેસ-ટુ-સર્ફેસ મિસાઇલોમાં મોડિફિકેશન હતું, જે ઇરાનને વેચવાની હતી**

ઈઝરાયેલે પણ ઈરાનને મદદ કરવાની તક જોઈ હતી. તેણે સદ્દામ હુસૈનને 'ખતરનાક' ખતરો ગણાવ્યો હતો. ઈરાકનું પ્રચંડ સૈન્ય બંને માટે જોખમ હતું. ઈઝરાયેલ દ્વારા ઈરાનને શસ્ત્રોના કન્સાઈનમેન્ટની ડિલિવરી એ ઈરાકની શક્તિને નબળી પાડવાનો એક આયોજનબદ્ધ નિર્ણય હતો. આ ગુપ્ત શસ્ત્રસોદો US નીતિ વિરુદ્ધ હોવા છતાં કરવામાં આવ્યો હતો કારણ કે - તેહરાનમાં બંધક બનાવવામાં આવેલા અમેરિકન લોકોની મુક્તિ સુધી ઈરાનને સૈન્ય સહાય આપવા પર પ્રતિબંધ હતો.

ઈઝરાયેલી લશ્કરી સહાયના બદલામાં ખોમેનીએ મોટી સંખ્યામાં ઈરાની યહૂદીઓને ઈઝરાયેલ અથવા યુનાઈટેડ સ્ટેટ્સમાં ઈમિગ્રેશનની મંજૂરી આપી હતી. આ એવી છૂટ હતી જે બંને વચ્ચેના સંબંધોની ઝલક આપતી હતી. 1980ના દાયકાના મધ્ય સુધીમાં ઈરાનને વધુ લશ્કરી સહાયની જરૂર પડવા લાગી હતી કારણ કે ઈરાક યુદ્ધે દેશનાં સંસાધનો ખલાસ કરી દીધાં હતાં. તેની અર્થવ્યવસ્થા પતનની આરે હતી. દરમિયાન, ઈરાન-કોન્ટ્રા અફેર પ્રકાશમાં આવ્યું હતું. એક સીક્રેટ ઓપરેશન, જેમાં શસ્ત્રોના સોદાનો સમાવેશ થતો હતો. આ શસ્ત્રસોદો ઈઝરાયેલ માટે વ્યૂહાત્મક રીતે ફાયદાકારક હતો કારણ કે તેનાથી ઈરાક સામેના યુદ્ધમાં ઈરાનના ગુપ્ત સાથી તરીકે તેની ભૂમિકા મોટી થઈ હતી. શસ્ત્રો અને સંસાધનો માટે ઈરાન, ઈઝરાયેલ અને અમેરિકા બંને સાથે જોડાણ કરવા તૈયાર હતું જ્યારે તેણે જાહેરમાં ઈઝરાયલની નિંદા કરવાનું ચાલુ રાખ્યું હતું.

ઈઝરાયેલ-ઈરાનની ભાગીદારી પરંપરાગત શસ્ત્રોના સોદાથી આગળ વધી હતી. આમાં, સૌથી મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ પૈકીનો એક ઓપરેશન ફ્લાવર હતો. 1977માં શાહના શાસનમાં શરૂ થયેલી મલ્ટિ-બિલિયન ડોલરની ગુપ્ત પહેલ. આ પ્રોજેક્ટમાં સર્ફેસ-ટુ-સર્ફેસ મિસાઈલોમાં મોડિફિકેશન હતું, જે ઈરાનને વેચવાની હતી.

1986ના ન્યૂયોર્ક ટાઈમ્સના અહેવાલ અનુસાર, આ ડીલ હેઠળ ઈરાને 1978માં ઈઝરાયેલને 260 મિલિયન ડોલરનું તેલ મોકલીને મોટું એડવાન્સ પેમેન્ટ કર્યું હતું. આ મિસાઈલ પ્રોગ્રામ પર કામ 1979માં ઈસ્લામિક ક્રાંતિ સુધી ચાલુ રહ્યું હતું. જો કે, ખોમેનીના શાસને અચાનક સહકાર બંધ કરી દીધો હતો. ન્યૂયોર્ક ટાઈમ્સના 1981ના અહેવાલમાં કહેવામાં આવ્યું હતું કે ઓક્ટોબર 1980માં ઈરાન ઈરાક સામે યુદ્ધ કરી રહ્યું હતું ત્યાર બાદ ઈઝરાયેલે ગુપ્ત રીતે ઈરાનને અમેરિકન નિર્મિત F-4 ફાઈટર જેટ માટે 250 ટાયર સપ્લાય કર્યા હતા.

સપ્ટેમ્બર 1980માં સદ્દામ હુસૈને ઈરાન પર હુમલો કર્યો હતો. આ પછી ઈઝરાયેલ એક વિચિત્ર પરિસ્થિતિમાં ફસાઈ ગયું હતું. 250 સ્પેર ટાયરનું ઈઝરાયલને વેચાણ (અંદાજે 300,000 ડોલરનું મૂલ્ય) હતું. આ ઓપરેશન ઈરાનની વાયુસેનાને મજબૂત બનાવવા માટે હતું F-4 ફેન્ટમ જેટ માટેનાં ટાયરો હતાં. આ ઈરાનની સૈન્યનું મુખ્ય ફાયટર પ્લેન હતું. તે ગ્રાઉન્ડ થઈ ગયું હતું. અમેરિકાએ ઈરાન પર પ્રતિબંધો લગાવ્યા હતા. તેથી, આ સ્પેર ટાયર (ઈઝરાયેલમાં બનેલા) ગુપ્ત રીતે ફ્રાન્સમાં લઈ જવામાં આવ્યા હતા. અહીંથી તેને ચાર્ટર્ડ પ્લેન દ્વારા ઈરાન મોકલવામાં આવ્યા હતા.

આ વ્યવહાર US-ઈરાન સંબંધો માટે નિર્ણાયક સમયે થયો હતો. જે વખતે 52 અમેરિકન રાજદ્વારીઓ હજુ પણ તેહરાનના બંધક હતા. જીમી કાર્ટર વહીવટીતંત્ર તેની મુક્તિ સુરક્ષિત કરવા આતુર હતું. તેમણે બંધકોને મુક્ત કરવામાં ન આવે ત્યાં સુધી ઈરાન સાથે વધુ સૈન્ય સોદા સ્થગિત કરવા ઈઝરાયેલને વિનંતી કરી હતી. ઈઝરાયેલના વડા પ્રધાને અમેરિકન દબાણને સ્વીકારી લીધું હતું અને તમામ લશ્કરી સોદાઓ અટકાવી દીધા હતા. ઈઝરાયેલને બીજી વ્યક્તિગત ચિંતા હતી. તે ઈરાનમાં વસતા યહૂદીઓ હતા, જેની વસ્તી લગભગ 60,000 હતી.

ઈઝરાયેલને ડર હતો કે નવા શાસન હેઠળ યહૂદીઓ જુલમ કે સતામણીનો ભોગ બની શકે છે. ઈરાન સાથે અમુક પ્રકારનો બેક-ચેનલ સંચાર જાળવવો એ આ યહૂદી સમુદાયોને સુરક્ષિત રાખવાનો એક માર્ગ માનવામાં આવતો હતો.

1990ના દાયકા સુધીમાં ઈઝરાયેલ અને ઈરાન વચ્ચેના સહકારનો યુગ લગભગ સમાપ્ત થઈ ગયો હતો. ભૌગોલિક રાજકીય પરિબળો કે જેણે તેમને એક વાર એક કર્યા હતા તે અદૃશ્ય થઈ ગયા હતા. આ પરિબળો હતા આરબ સમાજવાદ, સોવિયેત પ્રભાવ અને ઈરાકનો ખતરો.

પાછળથી સતત સહકાર માટે બંને વચ્ચે થોડો રસ બાકી રહ્યો હતો. ઈરાને ઈઝરાયેલ વિરોધી વિચારધારા અપનાવી હતી. તેણે હિઝબુલ્લાહ અને હમાસ જેવા જૂથોને તેમના યહૂદી રાજ્ય સાથેના સંઘર્ષમાં ટેકો આપ્યો હતો અને રેસ્ટ સ્ટોરી આજે તમારી સામે છે.